# મોડાસા બસ સ્ટેન્ડમાં પાણી ભરાતા મુસાફરો ત્રાહીમામ

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લામાં ગત સપ્તાહે થયેલી મેઘમહેરથી જિલ્લાના પ્રજાજનો અને ભૂમિપુત્રોમાં આનંદ છવાયો હતો. જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના એસ.ટી. ડેપોમાં વરસાદ વરસતાની સાથે જ પાણીમાં ગરકાવ થઈ જતાં મુસાફરોને ભારે હાલાકી અનુભવવી પડે છે. અઠવાડિયાનો સમય વિતવા છતાં બસસ્ટેન્ડમાં ભરાયેલા પાણીનો એસ.ટી. તંત્ર દ્વારા યોગ્ય નિકાલ ન કરાતા ગંદા પાણીથી પેદા થતા મચ્છરો અને જીવજંતુઓથી મુસાફરોમાં રોગચાળો ફેલાવવાનો ભય સતાવી રહ્યો છે.



મોડાસા શહેરમાં અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના રહીશો નોકરી-ધંધાર્થે જ્યારે વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે મોડાસામાં અવર-જવર અને મોડાસા શહેરની અન્ય શહેરો માટે આવન-જાવન માટે મોડાસા એસ.ટી. ડેપોમાં એસ.ટી. બસમાં મુસાફરી કરતા હોવાથી રોજ હજ્જારો મુસાફરોથી મોડાસા બસ સ્ટેન્ડ સતત ધમધમતુ રહે છે. જોકે વરસાદ વરસતાની સાથે જ મોડાસાનુ બસ મથક બેટમાં ફેરવાઈ જાય છે. બસ મથકમાં વરસાદી પાણી ભરાઈ જતા હોવાથી મુસાફરોને અવર-જવરમાં હાલાકીનો સામનો કરવો પડે છે. મોડાસા બસ મથકના પ્રવેશ દ્વારે લીઓ પોલીસ ચોકીની બાજુમાં બે ફૂટ જેટલા વરસાદી પાણી હજુય યથાવત રહેતા મુસાફરોને ફરજીયાત ગંદાપાણીમાંથી પસાર થવુ પડતુ હોવાથી મુસાફરો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.

# ખેડબ્રહ્માની હરણાવ નદીમાં યુવકનું ડુબી જવાથી મોત

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્મા શહેરમાંથી પસાર થતી હરણાવ નદીમાં સોમવાર બપોરે રાજસ્થાનના યુવાનો નહાવા ઉતરતા એક યુવકનું ડુબી જવાથી મોત



નિપજ્યુ હતુ.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી પ્રાપ્ત વિગતો અનુસાર ઉન્દ્રા, તા. પિંડવાડાના શંકરલાલ કરનાજી દેવાસી (રબારી) સરસ્વતી ઓરકેસ્ટ્રા પાર્ટી ચલાવે છે. જેના આઠ સભ્યો જેમાં એનાઉન્સર વિક્રમકુમાર ફુલચંદ આદિવાલ (ધાણેરાવ-જી.પાલી) અને ડાન્સર તરીકે અશોકકુમાર હનુમાનજી ગરૂ (ભીનમાલ) અને રણછોડકુમાર નવાજી દેવાસી (જીવાલ-શિવગંજ) હતા જેઓ બધા ૧૩-૮-૧૬ના સાંજે હોટલ પર એકઠા થઈ સુરત ખાતે રાજસ્થાની સમાજ તરફથી ગૌ માતા લાભાર્થે કાર્યક્રમ હોઈ ભીમારામ કરનારામ રબારી (વિરોલ-પીંડવાડા)ની અર્ટીકા ગાડી નં. આર.જે.૩૮ ટી.એ. ૧૫૪૧ ભાડે કરી ૧૪ ઓગષ્ટે સુરત જવા નિકળેલ ત્યાં કાર્યક્રમ પુરો કરી ૧૫ ઓગષ્ટે પરત રાજસ્થાન જવા નિકળેલ બપોરે ૧ વાગ્યાના સુમારે ખેડબ્રહ્મા પહોંચતા સભ્યોને નહાવાનું બાકી હોઈ હરણાવ નદીમાં પાણી હોવાથી ગાડી ઉભી રાખી સ્થાનીક લોકો નહાતા હતા ત્યાં નહાવા પડેલા. તે દરમ્યાન અશોકકુમાર કનુમાનજી ગરૂનો એકદમ ઊંડા પાણીમાં જતો રહ્યો હતો. ઘણીવાર સુધી બહાર ન આવતા જેથી તેના મિત્રોએ બુમાબુમ કરતાં સ્થાનીક માણસો આવી ગયેલા અને તેઓની મદદથી અશોકકુમારને સોધવાનો પ્રયત્ન કરેલો અને સ્થાનીકોએ બહાર કાઢેલો તેને ૧૦૮ દ્વારા જનરલ હોસ્પિટલમાં લઈ જવાયેલ ત્યાં ફરજ પરના ડૉક્ટરે મૃત જાહેર કરેલ હતો.

જે અંગે શંકરલાલ કસ્નાજી રબારી (દેવાસી)એ ખેડબ્રહ્મા પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માતનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી.

ફોટો ટૉક....



નિરવ સવારે... નાનકડાં જીવ-જંતુઓનો પણ સ્વર સંભળાય એવી શાંતિમાં શેરીમાં મોટા અવાજે સાદ પડ્યો, 'કોઈ આલજો... બાપા... દસ રૂપિયા-વીસ રૂપિયા... કંઈ ખાવાનું હોય તો આલજો...' લાકડીના ટેકે માંડ ચાલી શકતા અશક્ત વૃદ્ધ રૂપસિંગનો અવાજ સાંભળીને હું ઊભો થયો. રોજ એક જ સરખા સમાચારોવાળા છાપાં છોડીને રસોડાંમાં ગયો... રાતની વધેલી થોડી ખિચડી હતી, તે પણ ઘસવાના વાસણ જ્યાં મુકાય તે જગ્યાએ પહોંચી ગઈ હતી. મેં ત્યાંથી ઉપાડી, સાવ ઠંડી ખિચડી કોઈ કેવી રીતે ખાય એવી ચિંતાથી મેં ગરમ કરીને બે રોટલી સાથે રૂપસિંગને આપી... એ બે વસ્તુઓ જાણે બત્રીસ પકવાન હોય એવો આનંદ એના ચહેરા પર દેખાયો... એકાદ રોટલી ખાધી ન ખાદી... સરખી ભૂખ ભાંગી ન ભાંગી ત્યાં એ વૃદ્ધ ડોસો ઉભો થઈ ગયો... મને કહે, 'એકાદ કોથળી હોય તો આલો ને...' હું સમજ્યો ન સમજ્યો ત્યાં ફરી રૂપસિંગે કહ્યું, 'ઝુંપડામાં ડોસી ભૂખી છે, કોથળીમાં ભરીને આ એના હોલે લઈ જાઉં ને....' 'કમાલ કરે છે, એક ડોસો ડોસીને હજી વ્હાલ કરે છે...' કવિશ્રી સુરેશ દલાલની કવિતા મારામાં વાગતી રહીને વાદળોને બદલે આંખ વરસી ગઈ...!

■ હિરેન ભટ્ટ

## ઊંઝા તાલુકાના ભૂણાવ ગામમાં ૭૦,૫૦૦ની ચોરી

ઊંઝા, તા. ૧૭

તાજેતરમાં ઊંઝા તાલુકાના ભૂણાવ ગામે એક બંધ મકાનમાંથી સોના ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ ૭૦,૫૦૦ની મત્તાની ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાવેલ છે.

ઊંઝા તાલુકાના ભૂણાવ ગામે રહેતા હર્ષદભાઈ ગણપતભાઈ પરમારના બંધ મકાનમાં તિજોરીની અંદર પડેલ સ્ટીલની બરણીમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રૂપિયા આઠ હજારની રોકડ રકમ મળી કુલ ૭૦,૫૦૦ની મત્તાની ચોરી થઈ હતી. આ ફરિયાદમાં ફરિયાદીની ફોઈના દિકરા વાઘેલા દિપક ભીખાભાઈ રહે. ડાભીવાળાએ ચોરી કરી હોવાનું જણાવતા પોલીસે તેની વિરૂદ્ધ ઘરફોડ ચોરીનો ગુનો નોંધી ગુનાના કામે ધરપકડ કરી વધુ તપાસ આરંભી છે.



## માલપુર નજીક આગ લાગતા કાર બળીને ખાખ : પાંચ લોકોનો આબાદ બચાવ

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના શામળાજી-ગોધરા રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા મોરડુંગરી ગામ નજીક મંગળવારે સાંજના સમયે મોડાસા તરફ જતી કારમાં એકાએક શોર્ટ-સર્કીટ થતા કારમાં આગ લાગતા જોતજોતામાં કાર અગનજ્વાળાઓમાં લપેટાતા બળીને ખાખ થઈ ગઈ હતી. જ્યારે કારમાં બેઠેલા પાંચ વ્યક્તિઓ સમયસૂચકતા વાપરી કારની બહાર નીકળી જતા આબાદ બચાવ થયો હતો. રાજ્ય ધોરીમાર્ગ પર કારમાં આગ લાગતા વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો અને લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. મોડાસા ફાયરબ્રિગેડની ટીમ કાર ઓલવવા પહોંચે તે પહેલા કારની રાખ બની ગઈ હતી.

## ઊંઝામાં એસ.ટી. બસમાં યુવતીની છેડતી કરતા શખ્સની શોધખોળ

ઊંઝા, તા. ૧૭

ઊંઝા ખાતેથી પસાર થતી એસ.ટી. બસમાં મુસાફરી કરી રહેલ એક યુવતી સામે એક શખ્સે બિભત્સ ચેનચાળા કરી મોબાઈલ નંબર માંગીને તેણીની છેડતી કર્યા બાબતે ફરીયાદ નોંધાવા પામી છે. મહેસાણાની એક યુવતી સવારના સમયે એસ.ટી. બસમાં બેસીને જઈ રહી હતી ત્યારે માર્ગમાં ઊંઝાથી બસ પસાર થતી વેળા બસમાં બેઠેલ એક શખ્સે યુવતી પાસે આવીને બિભત્સ ચેનચાળા કરી મોબાઈલ નંબરની માંગણી કરી હતી. આ અંગે યુવતીના વાલીની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે ચૌધરી જગદીશ ગોદડભાઈ રહે. વણાગલા તા. ઊંઝાવાળા વિરૂદ્ધ છેડતીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કંપની સમાચાર

**OPPO F1-S નું જાનકી બોડીવાલા અને મલ્હાર ઠક્કર દ્વારા લૌંચ કરવામાં આવ્યો છે આલ્ફા વન મોલ, અમદાવાદમાં...**




Oppo એક વિશાળ બ્રાંડના એક ઓપનીંગ માટે મલ્હાર ઠક્કર અને જાનકી બોડીવાલા જોવા મળેલા છે. ઓપ્પો એફ ૧ એસ ના ઓડર પહેલેથી જ નોધ થયેલી જોવામાં આવી હતી. પણ આ સ્માર્ટ ડીવાઈસ ઇન્ડિયામાં હજી આજે જોવા મળેલું છે. જાનકી બોડીવાલા પહેલી ગ્રાહક હોવાથી બહુજ ખુશીથી બોલી,'' આ સેલ્ફી યુગ દિવસે ને દિવસે પ્રગતિ કરતો જાય છે. અને આ સેલ્ફી યુગ માં ઓપ્પો એ એનું અસ્તિત્વ ખુબજ સરસ રીતે નિભાવ્યું છે. મને ખુશી થઈ છે કે હું પણ આ બ્રાંડ ઓપનીંગમાં શામિલ થઈ શકી. મને ખુશી થઈ છે કે હું પણ આ નવા કેમેરા ફોન ને યુસ કરી શકીશ જેમાં ૧૬ મેગા પીક્ચસેલ કેમેરા માં એવી સેલ્ફી લીસ જે એક નવા જ અનુભવ કરાવતો ડીમ લાઈટ માં પણ એટલો સુંદર સેલ્ફી કરાવતો ફોન છે. ગુજરાત ના પ્રથમ અને એક માત્ર માર્કેટ ધરાવતા સેલ કરનારા ઓપ્પોના માર્કેટ સ્પ્રેડ કરનારા મી. મિતુલ કછેલા એ કહેલું કે અમે ગ્રાહકની બધીજ માંગો પૂરી કરીએ ચીએ અને ગ્રાહકો ને સેલ્ફી પ્રત્યે નો પ્રેમ અને લગાવ જોઈને જ આ નવો સેલ્ફી એકસપર્ટ માર્કેટ માં લૌંચ કરવામાં આવ્યો છે. આ સેલ્ફી કિંગ માર્કેટ માં ખુબજ સુંદર અને અખો દિવસ બેટરી ચાલે એવા તાત્પર્યથી ગ્રાહકો ને એની બધીજ માંગો પૂરી પડતો આ ફોન માર્કેટ માં લઈ આવ્યા છીએ. ઓપ્પો કેમેરા ફોન માર્કેટ માં રૂ. ૧૭૯૯૦ માં ઉપલબ્ધ થશે. આ ફોન 16 MPના કેમેરા ઠરાવતો ફોન જેના ફીચર્સ કૈક એવી રીતે બનાવવામાં આવ્યા છે કે તેમાંથી પડેલા ફોટો કાઈક અલગ જ ખુબસુરતી ધરાવતું હોઈ છે. આ કેમેરા ફોનમાં નવું બ્યુટીફીકેશન ફીચર બ્યુટીફાઈ ૪ યુસ કરવામાં આવ્યું છે. તમારી ચોખી સ્કીન, નમણી આખો અને તેના નાજુક મુખને ખુબસુરત દેખાડતો કેમેરો બનાવવામાં આવ્યો છે. ઓપ્પો ખાલી સેલ્ફી માટે નહિ પણ એના હાર્ડવેર અને એ અલગ દુનિયાનો અનુભવ કરવા માટે જ બનાવવા માં આવેલો છે. તેમાં 3GB રેમ અને 32 GB રોમ ઓચ્કત્ર કોર પ્રોસેસ્સાર નાજુકતાથી બનેલો આ ફોન ફીન્ગર્પ્રીન્તના લોકથી પણ ખુલી શકે અને ૪ સીમકાર્ડ અને SD કાર્ડના સ્લોટથી આ નવો ફોન ૧૨૮ના સ્ટોરેજથી બનેલો છે. આ ફોન નવીજ દુનિયા અનુભવ કરાવશે તેવું ગ્રાહક એ પહેલેથી જ ધારેલું હોવાથી ઓર્ડર પહેલેથીજ જોવા મળેલા છે.

## પાલનપુરના ચડોતરમાં રક્ષાબંધન પર્વ ઉજવાયો

પાલનપુર, તા. ૧૭

બનાસકાંઠા જિલ્લાનું એક એવું ગામ કે જ્યાં રક્ષાબંધનના એક દિવસ પૂર્વે એટલે કે આજે ભાઈને બહેન રાખડી બાંધીને ઉજવે છે રક્ષાબંધન...

પાલનપુરથી આઠ કિ.મી. દૂર આવેલ પાલનપુર તાલુકાનું ચડોતર ગામમાં આજે આખા ગામની દીકરીઓ ભાઈને રાખડી બાંધીને રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. છેલ્લા ૨૦૦ વર્ષથી પરંપરા મુજબ રક્ષાબંધનના આગળના દિવસે ચડોતર ગામમાં ભાઈ-બહેનના પવિત્ર બંધન રક્ષાબંધન મનાવવામાં આવે છે. ચડોતર ગામના પૂજારી કાન્તીભાઈ રાવલે જણાવ્યું હતું કે લોકવાયકા મુજબ વર્ષો પહેલા આ ગામમાં રોગચાળો ફાટી નીકળ્યો હતો. તેની દહેશતના પગલે ગામના લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. ત્યારે ગ્રામજનો એકત્ર થઈને ગામના પુંજારી પાસે ગયા ત્યારે પુંજારીએ તડોતર ગામની સુખ અને સલામતીના રક્ષણ માટે ગામની દિકરીઓને રક્ષાબંધનના એક દિવસ અગાઉ ભાઈને રાખડી બાંધવાનું સુચન કર્યું હતું. ત્યારથી આ પરંપરા આજે પણ ચડોતર ગામની યથાવત છે.

દેશભરમાં આવતીકાલે ભાઈ-બહેનના પવિત્ર બંધન એવા રક્ષાબંધન ઉજવણી થનાર છે તેના એક દિવસ અગાઉ પાલનપુરના ચડોતર ગામની દીકરીઓએ ભાઈને રાખડી બાંધીને ચડોતર ગામની રક્ષાબંધન ઉજવણીની ૨૦૦ વર્ષ જૂની પરંપરા આજે પણ જીવંત રાખી છે.

### રક્ષાબંધન પર્વ...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મહારાષ્ટ્રીયન પરિવારો આ દિવસે સમુદ્રને શ્રીફળ અર્પણ કરી સમુદ્ર પુજન કરે છે. જેમાં સમુદ્ર સાથે જોડાયેલા વેપારીઓ તેમજ વહાણવટાનો પણ સમાવેશ થાય છે. જ્યારે સંગીતકારો પણ અગાઉ આ દિવસે પોતાના શિષ્યને ગાંઠો બાંધતા હોય છે. શહેરમાં રક્ષાબંધનના પર્વની ઉજવણીને અનુલક્ષી અનોખો ઉત્સાહ જોવા મળી રહયો છે.પર્વની પુર્વ સંધ્યાએ નગરના બજારમાં પણ ધમધમાટ જોવા મળ્યો હતો. રક્ષાબંધનના દિવસે બ્રાહ્મણો યજ્ઞોપવિતની વિધિ કરતા હોવાથી સે-૧૬ બ્રહ્મભવન ખાતે સવારે ૯ ૩૦ કલાકે જનોઈ બદલવાના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે.

### મહાપ્રયાણ...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સ્નાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય સંતો સિવાય અન્ય કોઈને પ્રવેશ અપાયો ન હતો. ૧૧ વાગ્યે બાપાની પાલખી યાત્રા નીકળવાની હતી. જે રદ કરવામાં આવી હતી. અંતિમ સંસ્કારમાં હાજર રહેલા લોકો માટે જ્યુસ, કોલ્ડ્રિક્સ, નાસ્તા અને પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. સવારથી જ સાળંગપુર સ્વામીનારાયણ મંદિર ખાતે પ્રમુખ સ્વામીના અંતિમ સંસ્કાર જોવા માટે લાખો લોકો પહોંચી ગયા હતા. બાપાના અંતિમ દર્શન માટે લોકો આસપાસની છતો પર ગોઠવાઈ ગયા હતા. આજે અંતિમ દર્શન માટે અંદાજે ૨થી ૩ લાખ લોકો હાજર રહ્યા હતા. અંદાજ પ્રમાણે છેલ્લા ચાર દિવસમાં ૧૪થી ૧૫ લાખ લોકો પૂજ્ય પ્રમુખ સ્વામીના અંતિમ દર્શન કરી ચુક્યા છે.

## રક્ષાબંધન પર્વની શુભેચ્છાઓ પાઠવતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ભાઈ-બહેનના પવિત્ર પ્રેમની અભિવ્યક્તિના ઉત્સવ રક્ષાબંધન પર્વની સૌ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે. સુતરના તાંતણે ભાઈ-બહેનને રક્ષાકવચથી જોડાનારૂ આ પર્વ સામાજિક ઐક્ય અને સમરસતાને સુદ્રઢ બનાવે તથા શાંતિ સૌહાર્દ, સંવાદિતાનું પાવન પર્વ બને તેવી શુભકામનાઓ મુખ્યમંત્રીએ વ્યક્ત કરી છે.

## વનશ્રી ટ્રસ્ટ દ્વારા સ્વાતંત્ર્યતા દિન ઉજવાયો

વનશ્રી ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા ૭૦મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી વિશિષ્ટ રીતે કરવામાં આવી હતી. ગાંધીનગરની નજીક આવેલા રામપુર (ભોયણરાઠોડ) ગામની શાળા ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં ગાંધીનગરના ગ્રીન એમ્બેસેડર અંજના નીમાવતના વરદહસ્તે ધ્વજવંદન કરાયું હતું. સીએફેસાઈ અમદાવાદના કેડેટ્સ દ્વારા ફાયર સેફટી અંગેનુંપ્રાથમિક નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદના સાહસિક બાઈક રાઈડર યુવાનો ૧૧૦ જેટલા બાઈક લઈને ઉપસ્થિત રહ્યા હતા. જેમાં લાખો રૂપિયાની કિંમતના હકાટી હાર્લ ડેવિડસન, જેવા બાઈકોની રેલી કરી અમદાવાદથી આવ્યા હતા. બાળકોને નોટબુક તેમજ ફળો અને ગીફટ આપવામાં આવ્યા હતા. યુથ હોસ્ટેલના ચેરમેન ચૈતન્ય નીમાવત તથા શાળાના આચાર્ય હસમુખભાઈ પટેલ દ્વારા મનનીય પ્રવચન આપવામાં આવ્યુંહતું.

# ડીસા અને ધાનેરામાં ત્રિરંગાયાત્રા યોજાઈ

પાલનપુર, તા. ૧૭

બનાસકાંઠા જિલ્લાના ડીસા અને ધાનેરા મુકામે કેન્દ્રીય માઈક્રો, સ્મોલ અને મિડીયમ એન્ટરપ્રાઈઝ વિભાગના રાજ્યમંત્રી હરીભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં શહીદોની યાદમાં યાદ કરો કુરબાની... ત્રિરંગા યાત્રા યોજાઈ હતી. જેમાં મંત્રી અને મહાનુભાવો તથા હજારો યુવાનો, બાળકો અને નગરજનો હાથમાં રાષ્ટ્રધ્વજ લઈ યાત્રામાં જોડાયા હતા. ત્રિરંગા યાત્રા શહેરના વિવિધ વિસ્તારમાં ફરી સભાના રૂપમાં ફેરવાઈ હતી. શહેરમાં આવેલ રાષ્ટ્રનેતાઓની પ્રતિમાઓને ફૂલહાર કરી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે અંગ્રેજોની ગુલામીમાંથી ભારતને આઝાદી મળ્યાને ૧૫ ઓગષ્ટ-૨૦૧૬ના રોજ ૭૦ વર્ષ પૂર્ણ થયા છે અને હિન્દ છોડો આંદોલનને ૭૫ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે આઝાદી અપાવનાર વીર સપુતોને યાદ કરી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા સમગ્ર દેશમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે તા. ૧૫ ઓગષ્ટથી તા. ૨૨ ઓગષ્ટ સુધી દેશના ૩૦૦ સ્થળોએ કેન્દ્રીયમંત્રીઓ અને સંસદસભ્યો તિરંગા યાત્રા લઈને ફરી રહ્યાં છે અને સ્વાતંત્ર્ય સેનાનીઓ તથા તેમના



પરિવારજનોને મળી રહ્યાં છે. મંત્રીએ કહ્યું કે ભારતની આઝાદીનો ઈતિહાસ ખુબ જ ખમીરવંતો છે. ઈ.સ. ૧૮૫૭થી ૧૯૪૭ સુધી દેશના અનેક વીર સપૂતોએ મા ભોમની રક્ષા કાજે પોતાના પ્રાણી આહૂતિ આપી છે. તેમના જીવનમાંથી યુવાનો પ્રેરણા મેળવે તેનો સંદેશો આપવા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. મંત્રીએ કહ્યું કે દેશને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરાવી આઝાદી અપાવનાર શહીદોની યાદમાં ત્રિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે પરમ પૂજ્ય મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, ડૉ. બાબા સાહેબ આંબેડકર, ચંદ્રશેખર આઝાદ તથા અનેક વીર સપુતોનું આઝાદી અપાવવામાં મહત્વનું યોગદાન છે.

### સંવેદનશીલ.. ●

**અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સંવેદનશીલ બન્યો છે કારણ કે શહેરીકરણ તરફનો ઝુકાવ વધુ જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત જિલ્લાનું મુખ્ય શહેર ગાંધીનગરની આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે બાંધકામ સાઈટો ચાલી રહી છે તેને લઈ અહિ મજૂરોની સંખ્યા વધુ છે તેથી પણ આ બધા ગ્રામ્ય વિસ્તારોમાં ડેન્ગ્યુના બ્રિડીંગ વધુ જોવા મળ્યા છે.

જે ગામો વધુ સંવેદનશીલ જણાયાછે તેમાં વાવોલ, ખોરજ, શિહોલીમોટી, કુડાસણ, ગોલથરા, પલિયડ, રાંચરડા, દહેગામ શહેર, ઈસનપુર ડોડિયા, અમરાજીના મુવાડા, સરગાસણ, શેરથા, સરઢવ, રૂપાલ, લીમ્બડિયા, પેથાપુર, ચિલકારી, વેડા, જામળા, હાથીજણ, મુબારકપુરા, વાસણાની મુવાડી વિગેરે ગામોનો સમાવેશ થાય છે.

તાજેતરમાં વાહકજન્ય રોગચાળા અંગે તંત્રએ જિલ્લાના તબીબી અધિકારીઓ માટે એક દિવસનો વર્કશોપ પણ યોજ્યો હતો જે ઉલ્લેખનીય છે. આ ઉપરાંત દરેક તાલુકા કક્ષાએ જુન જુલાઈ માસ દરમ્યાન મેલેરિયા ડેન્ગ્યુ વિરોધી માસની ઉજવણી નિમિત્તે લોક-જાગૃતિ અભિયાન છેડવામાં આવ્યું હતું. જિલ્લામાં ૧૬ હજાર જેટલી મચ્છરદાનીને પણ દવાયુક્ત કરી આપવામાં આવેલ છે.

જિલ્લાતંત્રએ આ પડકારને અતિ ગંભીરતાથી લીધો છે. જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ જાગાણી જ સમગ્ર કાર્યયોજનાના અમલીકરણનું સીધુ મોનીટરીંગ કરી રહ્યા છે.

હાલ મચ્છરોની ઉત્પત્તિ માટે સૌથી વધુ સાનુકૂળ વાતાવરણ હોવાથી તંત્ર દ્વારા એન્ટીલારવેલ અને સર્વેલન્સની સઘન કામગીરી ચાલી રહી છે. આ ઉપરાંત આ ગામોમાં એબેટ ડે ની ઉજવણી પણ નિયમિત રીતે થાય એટલું જ નહિ પાણીસંગ્રહના પાત્રોની સફાઈ પણ એટલી જ ચોકસાઈથી થાય તેના પર તંત્રની ટીમો દ્વારા ભાર મુકવામાં આવી રહ્યો છે.